જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૫૧ લીટર દેશી દારૂ, ૯૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯૯ બીયર ટીન, ૧ કાર અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૮૯/૧૬

કૃષ્ણનગર : અશોકસિંહ શંકરસિંહ ચાવડા (રહે, ૮૯/૧૪૯૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, બગીચાની સામે કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૨૯/૯/૨૦૧૬ સવારનાં ૪/૦૦ વાગ્યાનાં સુમારે અશોકસિંહનાં મકાનની સામે આવેલ મ.નં.૮૯/૧૪૯૫ માં રહેતા પાર્વતીબેન ઉર્ફે પારૂલબેન (ઉ.વ.૩૫) નાઓને તેમનાં પતિ આરોપી કમલકુમાર ઉર્ફે વિક્રમ સ/ઓ અબલસિંહ ઇન્દ્રસિંહ રાવત નાઓ સાથે કોઇ કારણસર ઝગડો થતાં, કમલકુમારે તેમની પત્ની પાર્વતીબેનને માથાનાં ભાગે પ્રેશરકૂકરથી ગંભીર ઇજાઓ કરતાં, સારવાર માટે પાર્વતીબહેનને સિવિલ હોસ્પીટલ લાવતાં ફરજ પરનાં ડોકટર શ્રીએ પાર્વતીબહેનને મરણ જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સગાડા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાનાં કામે આરોપી કમલકુમાર ઉર્ફે વિક્રમ સ/ઓ અબલસિંહ ઇન્દ્રસિંહ રાવત નાને તા.૨૯/૯/૧૬ રાતનાં ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે પકડી અટક કરેલ છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૯૦/૧૬

નરોડા : સફરૂદીન અહેમદખાન મન્સુરી (રહે. ગલી નં.૬, હુસેન નગર, એસ.ટી.વર્કશોપની બાજુમા, નરોડા પાટીયા) એ તા.૨૯/૯/૧૬ નાંરોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૯/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૭/૯/૧૬ ના કલાક ૪/૩૦ સુધીનાં દરમ્યાન કોઇપણ સમયે આરોપી આમીન અજીજભાઇ મન્સુરી (રહે, ચીસ્તીયાપાર્ક સોસાયટી, અલકુવા મસ્જીદ પાસે, વટવા) સફરૂદ્દીનની પુત્રી શાયરા (ઉ.વ.૧૭) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૯૧/૧૬

સેટેલાઇટઃ નીલભાઇ અલ્પેશભાઇ શાહ (ઉ.વ.૨૦)(રહે,સરૈયા પોળ, ધનાસુરારની પોળ, રીલીફ રોડ, કાલુપુર) એ તા.૨૯/૯/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે આરોપી (૧)આનંદકુમાર પ્રતાપકુમાર વર્મા અને (૨) શિક્ષા વા/ઓ આનંદકુમાર વર્મા (બંને રહે. ૭ સ્ટાર કન્સલટન્ટ, ૨૦૧ અભીશ્રી કોમ્પલેક્ષ સ્ટારબજારની સામે, સેટેલાઇટ) એ ભેગા મળી આજથી પાંચેક મહીના અગાઊથી તા.૧૮/૦૯/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નીલભાઇ અને સાહેદોને ઓસ્ટ્રેલીયા, ,ન્યુઝીલેંડ, ,ચીલી, નોર્વે અને ,અમેરીકા ,વિગેરે જુદા જુદા દેશમાં વર્ક પરમીટ વીઝા ઉપર મોકલવાની લાલચ આપી વિશ્વાસમા લઇ અસલ પાસપોર્ટ તથા કુલ રૂપીયા ૬,૬૨,૦૦૦/- મેળવી લઇ, વર્ક પરમીટ વીઝા નહીં તેમજ પૈસા પાછા નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી એન વાઘેલા ચલાવે છે.

નવરંગપુરા : નિશિથભાઇ નવીનચન્દ્ર શાહ (ઉ.વ.૫૦)(રહે, સત્યકામ સોસાયટી, સેટેલાઇટ રોડ નહેરુનગર સર્કલ પાસે, સેટેલાઇટ) એ તા.૨૯/૯/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે આરોપી પ્રવિણભાઇ નટવરલાલ શાહ તથા તેમની પત્નિ મીનાબેન પ્રવિણભાઇ શાહ (બંને રહે, જનીતા એપાર્ટમેન્ટ, વડીવાડી ગામ, વડોદરા) એ ભેગા મળી નવરંગપુરા, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, અનુપમ કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલ ઓફીસ ખાતે નિશિથભાઇનો ફ્લેટ ખરીદવાનો સોદો કરી, નિશિથભાઇ પાસેથી આરોપીઓએ રૂપિયા ૭૧,૦૦૦/- નો ચેક ટી.ડી.એસ. પેટે લઇ, આરોપીઓએ પોતાના ખાતામા ચેક નાંખી, ખાતામાંથી રૂપિયા ઉપાડી લઇ, નિશિથભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૯૨/૧૬

નરોડા : ચિરાગભાઇ મહેશભાઇ પટેલ (રહે.વિભાગ-૧, પાર્શ્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૯/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૨૯/૯/૧૬ સવારના ૭/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નરોડા સૈજપુર ટાવર પાસે ચૌધરી હોસ્પિટલની સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની અલ્ટો ગાડીનો ડ્રાઇવર સાઇડનો, પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાં મુકેલ બેગમાંથી રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૭૯૩/૧૬

બાપુનગર : પ્રશાંત સ/ઓ ઇશ્વરભાઇ ભખોડીયા (ઉ.વ.૧૯)(રહે,કબીરવાડી, આશાપુરા વાવની બાજુમાં, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૯/૧૬ બપોરના ૪/૦૦ થી સાંજનાં ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતની પાઇપમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)